અપીલ અરજી નં.૨૪૧ તા.૨/૩–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દિપક આર. પટેલ
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન. પ્રા.શિ. સ.)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપક આર. પટેલની તા.૩૦–૯–૦૯ ની અરજીથી મું.પ્રા.શિક્ષણ અધિનિયમ– મુજબ બિન અનુદાનિત ખાનગી પ્રા.શાળાઓમાં શિક્ષકોની નિમણૂંક કરાવાની જવાબદારી શાસનાધિકારીની છે? મા.ખા.પ્રા.શાળાના શિક્ષકોની ભરતી બાબત વિ. મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨/૩–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૪૧/૨૦૦૯–૧૦

શ્રી દિપક આર. પટેલની તા.૩૦–૯–૦૯ ની અરજીથી મું.પ્રા.શિક્ષણ અધિનિયમ– મુજબ બિન અનુદાનિત ખાનગી પ્રા. શાળાઓમાં શિક્ષકોની નિમણૂંક કરાવાની જવાબદારી શાસનાધિકારીની છે? વિ. મા.ખા.પ્રા.શાળાના શિક્ષકોની ભરતી બાબતે મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨/૩–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૦ તા.૧૧–૧૧–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન. પ્રા.શિ. સ.) તથા અરજદારને અપીલ અરજીમાં તા.૨૯/૩૦–૧૦–૦૯ ના રોજ રૂબરૂ પૂછપરછ કર્યાનું જણાવેલ છે જે વિગતના અનુસંધાને સદર તારીખે કયા વિભાગ/શાખામાં કયા અધિકારીનો કયા સમયે સંપર્ક કરેલ તેની વિગતો અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૯–૧૧–૦૯ ના રોજ પાઠવેલ પત્રમાં તા.૨૯/૩૦–૧૦–૦૯ ના રોજ જાહેર માહિતી અધિકારીને રૂબરૂ મળ્યા છીએ તેવુ જણાવેલ છે. જયારે અવારનવાર વિભાગના કર્મચારીઓને મળ્યાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ક્રમાક /૧૪૭ તા.૨૬–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. અરજદારને નમુના 'ગ' માં જાવક નં.૧૩૭ તા.૧૭–૧૧–૦૯ ના રોજ પાનાની સંખ્યા ૩૮૩ પ્રતિ નકલના ૨ લ ેખે રૂા.૭૬૬/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ છે તથા નમુના 'ઘ' માં ખાનગી માન્ય પ્રાથમિક શાળાની માહિતી ૨–એ થી ૨–કે અને મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપતા યુપીસીની રવાના કરેલ પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. મુળ અરજીની નકલ તથા આપેલ માહિતીની વિગત રજૂ કરેલ છે.

અરજદારની તા.૩૦–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં.(૧) મુ.પ્રા.શિક્ષણ અધિનિયમ મુજબ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની નિમણૂંક કરવાની જવાબદારી શાસનાધિકારીની છે ? હા કે ના. મુદ્દા નં.(૨) મા.ખા.પ્રા. શાળામાં શિક્ષકની નિયમ મુજબની નિમણૂંક ના કરવામાં આવી હોય તેવી શાળાના રીપોર્ટ, અહેવાલ અને ઉપરી અધિકારીને આપવાની જવાબદારી ન.પ્રા.શિ.સ. કચેરીની છે? હા કે ના મુદ્દા નં.(૩) મા.ખા.પ્રા. શાળામાં શિક્ષકની ભરતી કરવા એન.ઓ.સી. આપવાનું,ઈન્ટરવ્યુની તારીખ જણાવવાનું અને નિમણૂંક વેળાએ અધિકૃત પ્રતિનિધિ હાજર રાખવાની જવાબદારી ન.પ્રા.શિ.સ કચેરીની છે? હા કે ના મુદ્દા નં.(૪) સુરત શહેરમાં કાર્યરત મા.ખા.પ્રા. શાળાઓની સંખ્યા. મુદ્દા નં.(૫) જે મા.ખા.પ્રા. શાળાઓએ મુ.પા.શિક્ષણ અધિનિયમો અનુસૂચિ છ ની જોગવાઈ મુજબ પ્રમાણિત લાયકાતવાળા શિક્ષકોની ભરતી ન કરી હોય તેવી શાળાઓના નામ સરનામાંની માહિતી. મુદ્દા નં.(૬) છેલ્લા ૫ વર્ષમાં મા.ખા.પ્ર ા.શાળાઓમાં નિયમ મુજબ શિક્ષકની ભરતી વેળા ન.પ્રા.શિ. કચેરીના અધિકારી હાજર રહયા હોય તેવી શાળાના નામ ઈન્ટરવ્યુની તારીખ ઉપસ્થિત રહેના અધિકારીનું નામ વિગેરેની માહિતી મુદ્દા નં.(૭) મા.ખા.પ્રા. શાળાઓ પૈકી જે શાળાઓ અને શાળાના કર્મચારીની નોકરી વિષયક ના.પ્રા.શિ. ટ્રીબ્યુનલમાં દાવા પ્રતિદાવા ચાલતા હોય જેમાં ન.પ્રા.શિ.સ. કચેરીના શાસનાધિકારી પક્ષકાર હોય તેવી શાળાના નામ સરનામાની માહિતી. મુદ્દા નં.(૮) ન.પ્રા.શિ. કચેરીના શિક્ષણ નિરીક્ષકોના નામ તથા નિરીક્ષણ સબંધી જવાબદારી સંભાળતા હોય તે વિસ્તારનું નામ. મુદ્દા નં.(૯) મા.ખા.પ્રા. શાળામાં શિક્ષકની ભરતી કરવા સંબધી મુ.પ્રા.શિ. અધિ નિયમ મુજબ જે જોગવાઈને નિયમો હોય તેની માહિતી. મુદ્દા નં.(૧૦) કઈ કઈ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની મા.ખા.પ્રા. શાળામાં નિમણૂંક થઈ શકે તે ડીગ્રી લાયકાત સબંધી માહિતી અદ્યયતન પ્ર માણે આધાર પત્રો સૂચનાપત્રો સહિતની માહિતી મુદ્દા નં.૧ થી ૧૦ ની માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ ની માહિતી મુ.પ્રા.શિ. અધિનિયમ મુજબ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની નિમણૂંક કરવાની જવાબદારી અત્રેની કચેરીની નથી જે તે સંસ્થા/આચાર્યશ્રીની છે. મુદ્દા નં.૨. વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે જરૂરી મંજુરી આપવાની હોય છે અને શીડયુલ એફ મુજબ ભરતીની કાર્યવાહી કરવાની હોય છે. મુદ્દા નં.૩. ન.પ્ર ા.શિ. કચેરીએ ઈન્ટરવ્યુમાં હાજર રહેવા માટે શાળામાંથી પ્રતિનિધિ હાજર રાખવા અંગેનો પત્ર આવે તો જ હાજર રાખવામાં આવે છે. મુદ્દા નં.૪.કચેરીએ ઉપલબ્ધ માહિતી અનુસાર મા.ખા.પ્રા.શાળા ૫૪૭ છે શહેરમાં કાર્યરત મા.ખા.પ્રા. શાળાની સંખ્યા માટે અદ્યતન માટે ડી.ઈ. સુરતનો સંપર્ક કરી શકો છો. મુદ્દા નં.૫. પાનાની સંખ્યા ૮૪ ની યાદી સામેલ છે. મુદ્દા નં.૬. પાના નં.૨ ની યાદી સામેલ છે. મુદ્દા નં.૭. પાનાની સંખ્યા ૧૪ ની યાદી સામેલ છે. મુદ્દા નં.૮ પાનાની સંખ્યા ૧

ની યાદી સામેલ છે. મુદા નં.૯ શીડયુલ એફની નકલ સામેલ છે.–૧૦ મુદ્દા નં.૧૦ શીડયુલ એફ મુજબ અને સરકારશ્રી તરફથી પ્રવર્તમાન સૂચના પ્રમાણે કુલ્લે ૧૧૧ પાનાની માહિતી માહિતીની નકલ રજૂ કરેલ છે. વધુમાં પૂરક વિગતોમાં માહિતી આપનાર કલાર્કશ્રીએ અપીલ અરજી પહેલા માહિતીના કાગળોની વિગત જોઈ લેવા જણાવેલ હતું પરંતુ અરજદાર શ્રી પોતાની તબીયત ખરાબ હોવાનું જણાવી જતા રહયા હતાં તેમ છતાં ન.પ્રા.શિ.સ ના કચેરીના પત્ર નં.૧૩૭ તા.૧૭–૧૧–૦૯ થી માહિતી લઈ જવા યુપીસીથી જાણ કરેલ છે. જે સમય મર્યાદા બાદ પાઠવેલ જણાય છે. કાયદાની કલમ–૭(૧) સાથે ૭(૩) ની જોગવાઈ ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી ધ્વારા દસ્તાવેજ ફી ભરપાઈ કરાવી દિન–૩૦ માં માંગેલ માહિતી આપવાની રહે. અન્યથા દિન–૩૦ ની અવધિ બાદ કાયદાની કલમ–૭(૬) હેઠળ અરજદાર વિના મૂલ્યે માહિતી મેળવવા હકદાર ઠરે.તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ સમય અવધિ બાદ પત્ર પાઠવેલ છે જેના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. જે માહિતી લઈ જવાની હતી તેના પાનાની સંખ્યા પણ જણાવેલ છે.

જે અંગે તા. ૯/૧૨/૦૯ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર હાજર રહી તા.૩૦–૯–૦૯ ના રોજની નમુના 'ક' મુજબની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી ની માંગણી કરવામાં આવેલ તથા આરટીઆઈ એકટ ૨૦૦૫ ની જોગવાઈ મુજબ સાચી પ્રમાણિત માહિતી આપવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી હાજર રહી ન.પ્રા.શિ.સ. સુરતના પત્ર નં.૧૪૭ તા.૨૬–૧૧–૦૯ થી જણાવ્યા અનુસાર અરજી જાહેર માહિતી અધિકારીને તા.૫–૧૦–૦૯ થી નોંધાયેલ છે. પત્ર નં.૧૩૭ ૧૭–૧૧–૦૯ થી રૂા.૭૬૬/– ભરવા અંગેનો પત્ર પાઠવવામાં આવેલ છે. તથા માહિતી આપેલ છે તેમ છતાં બાકી માહિતી અરજદારને જરૂર જણાયે ઈન્સ્પેકશન પુરું પાડી આપવા તૈયારી દર્શાવેલ.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી બાકી માહિતી જરૂર જણાયે દફતરી તપાસણી પુરું પાડી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન. પ્રા.શિ.સ. ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિપક આર. પટેલ,